ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી
## ગાંધીનગર

ફરિયાદી:- મયુરભાઈ પટેલ

સામાવાળા :- જગદીશ ઠક્કર અને ધવલ ઠક્કર

પ્રોજેક્ટ : પ્રાર્થના એલિગન્સ,

ફરિયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : જાતે

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : વકીલ શ્રી સુનીલ વી. જાદવ

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/AHMEDABAD/180712/00098

**હુકમ**

**તા.૧૦/૦૧/૨૦૧૯**

૧. ફરિયાદી એટલે કે મયુરભાઇ પટેલ દ્વારા ફરિયાદીની ટુંકમાં હકીકત એવી છે કે ફરીયાદીએ ચાંદલોડીયા, અમદાવાદ ખાતે આવેલ prathna elegance માં ફ્લેટ નંબર આઈ – 304 બુક કરાવેલ ફરિયાદી દ્વારા જણાવ્યા મુજબ તેમના દ્વારા સામાવાળા પ્રાર્થના એલીગન્સ ને પૂરૂ ચૂકવણું કરી દેવામાં આવ્યુ છે. પરંતુ આજદિન સુધી તેઓને સામાવાળા તરફથી સેલડીડ કરવામાં આવ્યુ નથી. અને પઝેશન પણ આપવામાં આવેલ નથી. આથી તેઓને ફ્લેટનું પઝેશન તેમજ સેલ ડીડ કરી આપવામાં આવે તેવી રેરા ઓથોરીટી સમક્ષ માંગણી કરેલ છે.

૨. તા. ૦૩/૦૧/૨૦૧૯ નારોજ ફરિયાદી તેમજ સામાવાળા એટલે કે પ્રાર્થના એલિગન્સનાના પ્રમોટર ઓથોરિટી સમક્ષ હાજર રહેલ છે તેમજ ઓથોરીટીની હાજરીમાં સામાવાળાના વકીલશ્રીએ એલોટમેન્ટ લેટર, ફ્લેટની ચાવી, ફ્લેટને લગતાં અન્ય પેપર્સ અને ડોક્યુમેન્ટની સીડી આપેલ છે. આ બાબતનું ડોક્યુમેન્ટેન્શન પણ રેરા દ્વારા કરાવેલ છે. ફરિયાદીએ લેખિતમાં તેઓના પ્રશ્નોનું સમાધાન થઇ ગયેલ હોઇ, કેસ પાછો ખેંચવાં વિનંતી કરેલ છે.

ફરિયાદીના પ્રશ્નોનું નિવારણ થઇ ગયેલ હોઇ, ફરિયાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૧૦/૧/૧૯
મેમ્બર-૧

મેમ્બર-૨
૧૦/૧/૧૯